**મોટર અકસ્માત વળતર અરજ અને પસાર થયેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટે દાખલ થતી અરજીઓમાં નીચે જણાવ્યા મુજબની વિગતો ફરજીયાતપણે જાહેર કરવા બાબત.**

---

સંદર્ભ : **નામ. સર્વોચ્ચ અદાલતે સીવીલ રીટ પીટીશન નં. ૫૩૪/૨૦૨૦ ના કામે તા.૧૬.૩.૨૦૨૧ તથા તા.૧૬.૧૧.૨૦૨૧ ના રોજ ફરમાવેલ હુકમ.**

ઉપરોકત સંદર્ભમાં જણાવેલ નામ. સર્વોચ્ચ અદાલતે પસાર કરેલ આદેશ અન્વયે આથી જણાવવાનું કે, જીલ્લા અદાલત, સાબરકાંઠા–હિંમતનગર/ઈડર ખાતે દાખલ થતી તમામ પ્રકારની મોટર અકસ્માતની વળતર અરજીઓ તેમજ પસાર કરવામાં આવેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટેની દાખલ થતી વળતર અરજીઓમાં તારીખ : ૧/૧૨/૨૦૨૧ ના રોજથી ફરજીયાતપણે નીચે દર્શાવ્યા મુજબની વિગતો દર્શાવવાની અને લખવાની રહેશે તેમજ તેને સલંગ્ન દસ્તાવેજી આધારોની સ્વયંપ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

(૧) દરેક અરજદારોના નામ અને સરનામાની વિગત સાથે દરેક અરજદારના બેન્ક ખાતાની વિગત જેવા કે બેન્કનુ નામ, શાખાનુ નામ, ખાતા નંબર અને બેન્કનો આઈ.એફ.સી. કોડ નંબર અવશ્યપણે દર્શાવવો.

(૨) દરેક અરજી સાથે દર્શાવેલ બેન્ક ખાતાની વિગતો અન્વયે બેન્કની પાસબુકના પ્રથમ પાનની નકલ કે જેમાં અરજદારનો ફોટો લગાવવામાં આવેલ હોય અને તે બેન્ક દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય તે ફરજીયાતપણે રજુ કરવો.

(૩) જે અરજદાર સગીર વયના હોય તો તેઓના બેન્ક ખાતાની વિગત તેમના વાલીના અગર તો ગાર્ડીયનના નામ સહિતની વિગતો અવશ્યપણે રજુ કરવી.

(૪) દરેક અરજદારના પાનકાર્ડની વિગત, અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવી તે બદલના પાનકાર્ડની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.

(૫) દરેક અરજદારના આધાર કાર્ડની વિગત અરજીના મથાળે નામ સરનામા સાથે દર્શાવી તેની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવી.

(૬) જો અરજદાર કે અરજદારો દ્વારા પાનકાર્ડ કે આધારકાર્ડ ધરાવતા ન હોય તો તે મેળવવા માટેની કાર્યવાહી/પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તે દર્શાવતી જાહેરાત અલાયદા પુરસીસ દ્વારા કરવી આવશ્યક અને જરૂરી છે.

(૭) દરેક મોટર અકસ્માત વળતરની અરજી દાખલ કરતી વખતે તેના મથાળામાં જે પોલીસ સ્ટેશનની હકુમતમાં અકસ્માત વાળો બનાવ બન્યો છે તે પોલીસ સ્ટેશનનુ નામ, તાલુકા, જીલ્લા સહિત તથા એફ.આઈ.આર. નો નંબર અને એફ.આઈ.આર.ની તારીખ સ્પષ્ટપણે દર્શાવવી.

(૮) દરેક અરજી દાખલ કરતી વખતે ઉપરોકત આવશ્યક માહિતિઓ ઉપરાંત મોટર વ્હીકલ રૂલ્સના નિયમ નં. ૨૧૧ મુજબની આવશ્યક, જરૂરી અને ફરજીયાતપણે રજુ કરવાની થતી માહિતિઓ અને દસ્તાવેજી આધારો પણ રજુ કરવાના છે.

ઉપરોકત તમામ વિગતો, માહિતિઓ અને દસ્તાવેજી આધારો નામ. સર્વોચ્ચ અદાલતે આપેલ માર્ગદર્શન અને ડાયરેકશન અન્વયે, નવીન દાખલ કરવામાં આવતી તમામ તથા ટ્રીબ્યુનલ સમક્ષની પેન્ડીંગ રહેલ અરજીઓમાં તથા ટ્રીબ્યુનલમાં ન્યાય નિર્ણય માટે મુલતવી હોય તે તમામ વળતર અરજીઓમા ચુકાદો જાહેર થતાં અગાઉ ઉપરોકત વિગતો દર્શાવતુ પત્રક વિના વિલંબે રજુ કરશો.

તા.૩૦/૧૧/૨૦૨૧.
હિંમતનગર.

sd/-
( એચ. ડી. સુથાર )
મોટર અકસ્માત વળતર પંચ(મુખ્ય)
સાબરકાંઠા–હિંમતનગર.